**નવી બાબત:નાણાકીય વર્ષ-૨૦૨૪-૨૫**

સમાજ સુરક્ષા પ્રભાગ હેઠળ ૦૮ માહનગરપાલિકાઓ તથા અન્ય ૦૪ જિલ્લા કચ્છ, બનાસકાંઠા, દાહોદ અને મહેસાણાની જિલ્લા કચેરી માટે મહેકમ ઉભુ કરવા બાબત

ગુજરાત સરકાર

સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ

ઠરાવ ક્રમાંક: **SJED/NIR/e-file/17/2023/3291/CHH**

સચિવાલય, ગાંધીનગર.

તા. /૦૩/૨૦૨૪

## વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી(સ.સુ.)નો તા.૦૭/૧૧/૨૦૨૩નો પત્ર ક્રમાંક:**DSD/0167/11/2023**

(૨) નિયામકશ્રી(સ.સુ.)નો તા.૧૫/૦૨/૨૦૨૪નો પત્ર ક્રમાંક:**DSD/NIT/e-file/226/202/2284 /Planning Branch**

## આમુખ:-

વંચાણે લીધેલા ક્રમાંક(૧)ના પરના પત્રથી નિયામાકશ્રી(સ.સુ.)એ નિયામક, સમાજ સુરક્ષા હેઠળ ૦૮ માહનગરપાલિકાઓ તથા અન્ય ૦૪ જિલ્લા કચ્છ, બનાસકાંઠા, દાહોદ અને મહેસાણાની જિલ્લા કચેરી માટે મહેકમ મંજુર કરવાની નવી બાબતને નાણાકીય વર્ષ-૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં સમાવેશ કરવા માટે દરખાસ્ત કરેલ. જે અન્વયે સદરહુ નવી બાબતનો આ વિભાગના બજેટબુક નં.૨૪-૧ના પાના નં.૧૧૧ના અનુક્રમ-૦૮ ઉપર ૧.૩૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. વંચાણે લીધેલા ક્રમાંક(૨) પરના પત્રથી નિયામકશ્રી(સ.સુ.)એ સદરહુ નવી બાબતને વહીવટી મંજુરી આપવા દરખાસ્ત કરેલ. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે નિયામક, સમાજ સુરક્ષા હેઠળ ૦૮ માહનગરપાલિકાઓ તથા અન્ય ૦૪ જિલ્લા કચ્છ, બનાસકાંઠા, દાહોદ અને મહેસાણાની જિલ્લા કચેરી માટે નાયબ નિયામક, વર્ગ-૧ની કુલ-૧૨, ચીફ ઓફિસર, વર્ગ-૩ની કુલ-૧૨ તથા હેડ ક્લાર્ક, વર્ગ-૩ની કુલ-૧૨ એમ કુલ-૩૬ જગ્યા ઉભી કરવા માટે રૂ.૧.૩૫ કરોડની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી મંજુરી આપવામાં આવે છે.

- ભરતી અંગેની સામાન્ય શરતો

**a.** આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

**b.** સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજુરી મળ્યેથી છ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સા.વ.વિ./નાણા વિભાગ મારફત સ્થાયી સમિતિની મંજુરી મેળવી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

**c.** આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે નિયામકશ્રી(સ.સુ.)એ જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

**d.** આ જગ્યાઓ પર નિમણૂંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.

**e.** કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

**f.** રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.

- પગાર અને નવી વર્ધીત પેન્શન યોજના

**a.** જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી નિયામકશ્રી(સ.સુ.)ની રહેશે.

**b.** વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

**c.** સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાંવિભાગનાતા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા. ૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે

- જગ્યાઓ ની મુદત અને સેવાઓ અગે

**a.** આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ

રાખવાની થાય તો નિયામકશ્રી(સ.સુ.)એ જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ વિભાગને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

**b.** સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટ સોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણા વિભાગ(કરકસર પ્રભાગ)ની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.

- નાણાકિય ઔચિત્ય

**a.** પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

**b.** આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

**c.** આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

**d.** આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

**e.** યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

**f.** સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતો તેમજ આ ઠરાવથી નિયત થયેલ તમામ શરતોનું નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીએ ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

**આ અંગે થનાર ખર્ચ નીચેના બજેટ સદર હેઠળ આકરવાનો રહેશે.**

માંગણી નંબર ૯૨

| | | |
|---|---|---|
| મુખ્ય સદર | ૨૨૩૫ | સામાજિક સુરક્ષા અને કલ્યાણ |
| પેટા મુખ્ય સદર | ૦૨ | સમાજ કલ્યાણ |
| ગૌણ સદર | ૦૦૧ | નિર્દેશ અને વહિવટ |
| પેટા સદર | ૦૧-SSW-૦૦૧ | નિર્દેશ અને વહિવટ |

**આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.**

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(દ્રષ્ટિ શાહ)**

**સેકશન અધિકારી**

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**

**પ્રતિ,**

- **માન.મંત્રીશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.**
- **માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.**
- **અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.**
- **અધિક મુખ્ય સચિવશ્રી, સા.વ.વિ., સચિવાલય, ગાંધીનગર.**
- **નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.**
- **પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર**
- **એકાઉન્ટનન્ટ જનરલશ્રી ગુજરાત, અમદાવાદ/રાજકોટ**
- **સિલેક્ટ ફાઇલ**